આકાશવાણી ભુજ

સમાચાર વાચક : શીતલ વૈષ્ણવ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-12-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# પીએમ યોજના – વરિષ્ઠ નાગરિકોને લાભ

કેન્દ્ર સરકાર દ્વારા આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને આવકના કોઈ પણ જાતના બંધન વિના ૫ લાખ રૂપિયાનું વધારાનું વિમા કવચ આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, દેશના વરિષ્ઠ નાગરિકોને અલગથી આયુષ્યમાન કાર્ડ અપાશે. જેનાથી 6 કરોડ વરિષ્ઠ નાગરિકો 5 લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ મેળવી શકશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ હેઠળ કેન્દ્ર સરકારે વર્ષ 2017માં આ યોજના શરૂ કરી હતી.

**N.P/ શીતલ**

---

# આરોગ્યમંત્રી – ભેદી મોતનો સર્વે

રાજ્ય સરકારે ભેદી તાવને કારણે કચ્છના અબડાસા અને લખપતમાં 11 લોકોના મોતની પુષ્ટિ કરી છે. રાજ્યના આરોગ્ય મંત્રી રિષિકેશ પટેલે ગઈકાલે જિલ્લાની મુલાકાત લીધી હતી, દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, કુલ 16 મોતમાંથી 11 જેટલા મોત શંકાસ્પદ તાવને કારણે થયા છે, જ્યારે અન્ય પાંચના મૃત્યુ અન્ય બીમારીઓને કારણે થયા છે.

RNUBHUJ

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે દર્દીઓની સારવાર અને ઝડપી સ્વાસ્થ્ય સુધાર માટે પૂરતી વ્યવસ્થા કરાઈ હોવાનું જણાવ્યું. વધુમાં તેમણે કહ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય કર્મચારીઓની વિવિધ ટુકડીઓ ઘર ઘર જઈને સર્વેનું કામ કરી રહી છે. ત્યારે લોકોને સામાન્ય તાવને પણ ગંભીરતાથી લઈ સ્નાયુનો દુખાવો, શ્વાસ ચડવો જેવા લક્ષણ દેખાય તો ત્વરીત સારવાર લેવાની અપીલ કરી હતી.

**RNU અમદાવાદ**

---

## સાયબર હેલ્પલાઈન નંબર

રાજ્યમાં સાઈબર હેલ્પલાઈન નંબર 1930ના ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન માટે ગુજરાત પોલીસને રાષ્ટ્રીયકક્ષાએ વિશેષ સન્માન મળ્યું છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને નવી દિલ્હી ખાતે આ માટેનો પુરસ્કાર એનાયત કર્યો હતો.

રાજ્ય સાઈબર સેલના પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે, રાજ્યમાં પહેલી જાન્યુઆરી 2024થી 10 સપ્ટેમ્બર 2024 સુધીમાં સાયબર ગુનાઓ સંબંધિત કુલ 93 હજાર 66 ફરિયાદ દાખલ થઈ છે, જેની સામે ગુજરાત પોલીસે ત્વરિત પગલાં લઈ છેતરપિંડીમાં ગયેલી રકમ પૈકીની 209 કરોડથી વધુની રકમ ફ્રીઝ કરવામાં સફળતા મેળવી છે.

હેલ્પલાઇન નંબર 1930ની કામગીરીમાં વધુ 90 કૉલર્સના સ્ટાફની ભરતી કરાશે. તેઓ ફરિયાદોની નોંધણી અને નાણાકીય સંસ્થાઓ સાથે વિશેષ સંકલન કરી નાગરિકોના છેતરપિંડીના નાણાં બચાવવા મદદરૂપ થશે. ઉપરાંત સાયબર ગુનાઓ માટે એક અલગથી ચેટબોટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------

## સીએમ- ઉંઝામાં ઉમિયા માતાજી મહોત્સવ

સંસ્કૃતિનું જતન કરી નવી પેઢીને પ્રેરણા આપવાનું કામ આપણે કરવાનું છે તેમ જણાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છોડમાં પરમાત્મા, વૃક્ષમાં વાસુદેવ અને છોડમાં રણછોડની ભાવના થકી વારસો જળવાઇ રહે તે માટે સહિયારો પ્રયાસ કરવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં ઊંઝાના શ્રી ઉમિયા માતાજી મંદિર ખાતે ધજા મહોત્સવનો શુભારંભ કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઊંઝામાં ઉમિયા માતાજી નીજ મંદિરના એક હજાર 868 વર્ષની ઉજવણીના ભાગરૂપે આ મહોત્સવનું આયોજન કરાયું છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------

## વાણીજ્ય- ઉધોગમંત્રી- વેપાર

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, પિયુષ ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય ઉદ્યોગ સાહસિકો માટે સરળ આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા માટે ટ્રેડ કનેક્ટ ઇ-પ્લેટફોર્મ લોન્ચ કર્યું. આ ઓનલાઈન પ્લેટફોર્મ નિયમનો, નિયંત્રણો, મુક્ત વેપાર સંધિ, કાર્યક્રમો, ભાગીદારી, જકાત, વેરો, છૂટ તેમજ વિદેશી ખરીદારો વિશેની માહિતી માટેનું માધ્યમ બનશે.

કાર્યક્રમને સંબોધતા શ્રી ગોયલે જણાવ્યું હતું કે ટ્રેડ કનેક્ટ ઇ-પ્લેટફોર્મ એ વિવિધ મંત્રાલયો, સંસ્થાઓ અને સંસ્થાઓ વચ્ચેનો ભવ્ય સહયોગ છે.

**RNU નેશનલ**

-----------------------------------------------------------------------------

## અંબાજીમાં પૂનમ મહામેળાનો પ્રારંભ

યાત્રાધામ અંબાજીમાં આજથી ભાદરવી પૂનમ મહામેળાનો પ્રારંભ થશે. 18મી સપ્ટેમ્બર સુધી યોજાનારા આ મેળા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર યાત્રાળુઓની સુવિધા માટે સજ્જ છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## વરસાદમાં માંડવી બીજા ક્રમે

રાજ્યની સાથે કચ્છમાં અત્યાર સુધી 127 ટકા જેટલો વરસાદ વરસી ચુક્યો છે. જેના કારણે બંદરીય શહેર માંડવી 310 ટકા સાથે રાજ્યમાં બીજા ક્રમે છે. તો દેવ ભૂમિ દ્વારકા 390 ટકા સરેરાસ વરસાદ સાથે રાજ્યમાં મોખરાના સ્થાને છે.

**N.P/ શીતલ**

-----------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોક અદાલત

આગામી 14 સપ્ટેમ્બરના રોજ રાજ્યભરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું છે. આ લોક અદાલતમાં લઘુતમ બૅંકને લગતા દાવા, વાહનને લગતા દાવા, લગ્નજીવનની તકરારને લગતા દાવા, મજૂર તકરારને લગતા દાવા, જમીન સંપાદનને લગતા કેસ, પાણી તેમજ વીજળીને લગતા કેસ, મહેસૂલી દાવા તથા દીવાની તકરારને લગતા દાવા સમાધાન માટે મૂકી શકાશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

RNU BHUJ